PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૯/કવા–૦૨/૧૭–૧૮/ 88 XX તા. 11-10-19.

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
માલદેભાઈ વજસીભાઈ માડમ,
રે . ચાચલાણા
ગામ: દેવળીયા
તા. કલ્યાણપુર
જી.દેવભુમી દ્વારકા
મો: ૯૯૦૪૪ ૯૨૬૯૭

વિષય :–ખેતીવાડી ફીડર ના મેન્ટેનન્સ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૯/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. મજેઠીયા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૦૯/ક્વા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૦૬–૧૦–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: માલદેભાઈ વજસીભાઈ માડમ, ગામ: દેવળીયા

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :જી.જી.પટેલ (નાયબ ઈજનેર) (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી ફીડર ના મેન્ટેનન્સ બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ ચાચલાણા વાડી વિસ્તાર મા આવેલ હોય, સદર ફીડર મા વીજલાઈન જર્જરીત થયેલ હોવાથી, વારંવાર વિજ વિક્ષેપ પડે છે. સદર બાબતે જરૂરી સમારકામ કરી, વિજ વિક્ષેપ રહીત પાવર પુરો પાડવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ફરીયાદી અરજદાર ઘરવપરાશ વીજજોડાણ –ગામ: ચાચલાણા ના વાડી વિસ્તાર મા ધરાવે છે. જે ૧૧ કેવી ચાચલાણા ફીડર મા આવે છે. અરજદાર ની ફરીયાદ અન્વયે જરૂરી વીજ સમારકામ કરવા માટે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા – અરજદાર ની હાજરી મા સર્વે કરી – ખરાબ થઈ ગયેલ ૪૭ નંગ શેકેલ ઈન્સ્યુલેટર, ૨૦ નંગ – પોલ – અને ૩૭ વીજ વાયર ના સ્પાન બદલાવી આપેલ છે. કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી સમારકામ કરી આપતા, ફરીયાદી અરજદાર દ્વારા તા.૦૩–૧૦–૧૭ ના રોજ તેઓના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે – જરૂરી વીજ સમારકામ કરી અને અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૦૩–૧૦–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઇસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગત, પીજીવીસીએલ કક્ષાએથી યોગ્ય વીજ સમારકામ કરાતા, અરજદાર શ્રી ના તા.૦૩-૧૦-૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરુરી છે.